

શહેરમાં સવારે યોજાયેલ સાયકલ ચેલેન્જ રેસમાં નગરના બાળકો ઉમટી પડયા

# શહેરમાં સવારે યોજાયેલ સાયકલ ચેલેન્જ રેસમાં નગરના બાળકો ઉમટી પડયા

## છોકરીઓમાં પ્રથમ સ્થાને માનસી, દ્વિતિય સ્થાને પ્રાચી મોદી અને તૃતીય સ્થાને દેવાંશી પટેલ વિજેતા : છોકરાઓમાં પ્રથમ સ્થાને હરેશ ભાવાણી, દ્વિતિય સ્થાને આકાશ આલોક અને તૃતીય સ્થાને રવિન્દ્ર પટેલ વિજયી બન્યાં

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરમાં આજે સવારે જી-૩ સાયકલ કલબ દ્વારા સાયકલ ચેલેન્જ ૨૦૧૫ રેસ યોજાઈ હતી. આ રેસમાં ૧૩ થી ૧૫ વયના ૨૩૦ બાળકોએ ભાગ લીધો હતો. વહેલી સવારે પ્રારંભ થયેલ આ રેસને જિલ્લા પંચાયતના પ્રમુખ હીનાબેન પટેલે લીલી ઝંડી બતાવી પ્રારંભ કરાવ્યો હતો. આ સાયકલ રેસ છોકરીઓ માટે ૧૩ કિમી અને છોકરાઓ માટે ૧૮ કિમીની યોજાઈ હતી.

નગરમાં ઈકો ફ્રેન્ડલી વાહનનો વપરાશ વધે તેમજ સ્વાસ્થ્ય પ્રત્યેની જાગૃતિ ફેલાય તેવા આશયથી જી-૩ સાયકલ કલબ દ્વારા અવારનવાર સાયકલ રેલી યોજવામાં આવે છે. આ વર્ષે જી-૩ સાયકલ કલબ દ્વારા સાયકલ ચેલેન્જ રેસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરની



(તસવીર : દિપક જાની)

કડી શિક્ષણ સંકુલ, માઉન્ટ કાર્મેલ, સેન્ટ ઝેવિયર્સ, ચૌધરી સ્કુલ જેવી અનેક શૈક્ષણિક સંસ્થાઓના કુલ મળીને ૨૩૦ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધકોમાં ૫૩ બાળાઓ અને ૧૭૭ છોકરાઓએ ભાગ લીધો હતો. સાયકલ ચેલેન્જ રેસમાં છોકરીઓના વિભાગમાં પ્રથમ સ્થાને સરદાર વલ્લભભાઈ પટેલ સ્કુલની માનસી, દ્વિતિય સ્થાને વાવોલમાં રહેતી કડી કેમ્પસની વિદ્યાર્થીની પ્રાચી મોદી અને તૃતીય સ્થાને સેંટ ઝેવિયર્સ સ્કુલની સે-૯માં રહેતી દેવાંશી પટેલ વિજેતા બની હતી. છોકરાઓમાં પ્રથમ સ્થાને એમ.બી. પટેલ સ્કૂલના હરેશ ભાવાણી, દ્વિતિય સ્થાને હિલવુડ સ્કુલના આકાશ આલોક અને તૃતીય સ્થાને સે-૭ની સ્કુલના રવિન્દ્ર પટેલ વિજેતા બન્યા હતાં. પ્રથમ નંબરે વિજેતા થયેલ સ્પર્ધકને ગીયરવાળી સાયકલ, દ્વિતિય સ્થાને વિજેતા ખેલાડીને સાદી સાયકલ અને તૃતીય નંબરના વિજેતાને સાયકલ એકસેસરીઝ કીટ આપી સન્માનવામાં આવ્યા હતા.



**લીંબુની મોસમ :** ચોમાસાના આરંભકાળથી લીંબુ બજારમાં ઢગલાબંધ દેખાવા માંડ્યા છે. વિટામીન-સી જેમાંથી ભરપુર મળે છે એવા લીંબુનો વપરાશ ગુજરાતી થાળીમાં વધતો જાય છે. દાળ-શાક ઉપરાંત અનેક ફરસાણોમાં લીંબુ લગભગ ફરજિયાત જેવું બન્યું છે. આ ઉપરાંત પંજાબી અને કોન્ટીનેન્ટલ ફુડમાં પણ લીંબુનો વપરાશ વધે છે. આજકાલ લીંબુ ખરીદવામાં તેજીનું માર્કેટ છે. પાક વધારે પ્રમાણમાં ઉતરતા બજારમાં લીંબુ મોટા જથ્થામાં ઠલવાયા છે. નાગરિકો પણ લીંબુનું અથાણું અને લીંબુ શરબત બનાવવા જથ્થાબંધ સ્વરૂપે લીંબુ ખરીદે છે. આરોગ્યપ્રદ લીંબુ સ્વાદ અને સોડમ આપે છે. **(તસવીર : કશ્યપ નિમાવત)**

## ખૂણે ખાંચરેથી...

● રાજયના રાજયપાલશ્રી મહામહીમ ઓમપ્રકાશ કોહલીનો આજે જન્મદિવસ હતો. તેમણે કાર્યક્રમોની વ્યસ્તતા વચ્ચે પણ સાદગી સાથે અને વાંચનપ્રેમ થકી પોતાના જન્મદિનની ઉજવણી કરી હતી.

● આજે ગાંધીનગર ટાઉનહોલમાં યોજાયેલ એક્સ એમએલએ કાઉન્સીલના રાષ્ટ્રીય અધિવેશનમાં આભારવિધિ કરવા ઉભા થયેલા ગોવાના પ્રતિનિધિ વિક્ટરજીએ આરોગ્યમંત્રી નીતિન પટેલને નાણાંમંત્રી કહ્યા હતા.

● ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ આજે એક્સ એમ.એલ.એ. કાઉન્સીલના સમારોહ દરમ્યાન ટાઉનહોલની મધ્ય પછીની રૉ માં બેઠા હતા.

● ગાંધીનગર નાગરિક બેંકની સામાન્ય સભામાં હાજર રહેલા સભાસદોને લાડુ, દાળ-ભાત, શાક મિક્સ ભજીયાનું ભોજન પીરસાયું હતું.

● ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતિ હંસાબેન મોદી દિલ્હી ખાતે ૧૯-૨૦ મળનાર મેયર કાઉન્સીલની બેઠકમાં હાજરી આપવા જવાના છે.

● ગુજરાત વિધાનસભાના ચાર પૂર્વ ધારાસભ્યો ગરીબી રેખાથી નીચે પોતાનું શેષજીવન વિતાવી રહ્યા છે.

# આગામી સપ્તાહમાં પુનઃ વરસાદના સંજોગો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે આગામી સપ્તાહમાં પુનઃ વરસાદના ઉજળા સંજોગો સર્જાય તેવી શક્યતાઓ છે. આગામી તા. ૧૦ થી ૨૦ ઓગષ્ટ દરમ્યાન ગુજરાત-સૌરાષ્ટ્રના ભાગોમાં વરસાદ વરસી શકે છે.

કેટલાક જાણ્યા અજાણ્યા બળોના કારણે ગુજરાત સૌરાષ્ટ્રમાં વરસાદી વહન અટવાઈ પડ્યું છે. બંગાળાના ઉપસાગરનું વહન ગુજરાતમાં વરસાદ લાવતો હોય છે. બંગાળના ઉપસાગરની બે શાખાઓ પૈકી ગુજરાતમાં કઈ શાખાથી વરસાદ આવશે તે કહી શકાતુ નથી તો બંગાળાના ઉપસાગરનું વહન ફંટાઈ જાય તો ગુજરાતમાં વરસાદ કરમાધરમી થાય છે. હમણાં ઓગષ્ટની શરૂઆતમાં વરસાદી વહન થયું હતુ પણ ફંટાઈ જતા વરસાદ વિલંબકારી બન્યો છે. માળવા, મધ્યપ્રદેશનું વહન સક્રિય થાય તો ગુજરાત-સૌરાષ્ટ્ર, કચ્છમાં વરસાદ આવી શકે. ગોરંભાયેલુ આકાશ પણ કુદરતી ફેરફારો જણાવતુ નથી. સામાન્યતઃ આશ્લેશ નક્ષત્રમાં ભારે વરસાદ થતો હોય છે. જે અંગે આ નક્ષત્રમાં થતા વાદળોમાં પણ કુદરતી પ્રક્રિયા જણાતી નથી. બંગાળાના ઉપસાગરનું વહન પુનઃ આવતા સપ્તાહમાં સક્રિય થવાની વકી ભૌગોલિક બાબતો તેમજ ગ્રહ યોગોથી જણાય છે. વળી અરબ સાગરનું વહન પણ નબળુ જણાય છે. તા. ૧૦ ઓગષ્ટથી રાજ્યના ભાગોમાં વરસાદની શક્યતા છે.

ઓગષ્ટ તા. ૧૧થી ૨૦માં વરસાદ થવાની શક્યતા છે પરંતુ આ ગાળામાં અરબ સાગર અને બંગાળાના ઉપસાગર વચ્ચે વરસાદી વહન લઈને આવતા માર્ગમાં ખાંચો ન પડે તો ગુજરાત-સૌરાષ્ટ, કચ્છમાં વરસાદ થઈ શકે. ઢગ વાદળો વરસાદ લાવે તેમ છે.

ઓગષ્ટ તા. ૧૧થી ૧૪માં દેશના ઉત્તરીય ભાગો-ઉત્તર-પૂર્વિય ભાગો અને મધ્યભાગોમાં વરસાદ થવાની વકી છે. ગુજરાત સૌરાષ્ટ્ર, કચ્છમાં એકધારો, પશ્ચિમ, દક્ષિણ, પશ્ચિમનો પવન બદલાય અને વીજળી થાય તો જ ઓગષ્ટ તા. ૨૦મી સુધીમાં હળવો કે ભારે વરસાદ વરસી શકે. દુષ્કાળની ધાસ્તી નથી વરસાદ થવાના સંજોગો છે.

# વકીલોના વિકાસ અને અધિકાર માટે વકીલ અધિકાર મંચની રચના

## બાર કાઉન્સિલના મેમ્બર કરણસિંહ વાઘેલા સહીતના વકીલોએ ચૂંટણીનો બહિષ્કાર કર્યો

ગાંધીનગર, તા. ૯

વકીલોની માતૃ સંસ્થા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં દર પાંચ વર્ષે ૭૫૦૦૦ વકીલો મત આપી ૨૫ પ્રતિનિધિઓ ચૂંટતા હોય છે. ચૂંટાયેલા સભ્યોમાંથી દર વર્ષે ચેરમેન, વાઈસ ચેરમેન અને અન્ય કમીટીની રચના કરવામાં આવે છે. સંસ્થામાં કોઈ પક્ષનું લેબલ હોતુ નથી. તેમ છતાં છેલ્લા ૧૫ વર્ષથી ભાજપ પ્રદેશ લીગલ સેલે સત્તા હસ્તગત કરી હોવાની જાહેરાત કરી સમગ્ર વકીલ આલમની લાગણી દુભાવવાની સાથે વિશ્વાસઘાત કરવાનો પ્રયાસ કરાયો હોવાનું બાર કાઉન્સિલના મેમ્બર કરણસિંહ વાઘેલાએ જણાવ્યું છે.

આ બાબતે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના મેમ્બર કરણસિંહ વાઘેલાએ સમગ્ર વકીલ આલમના હિતમાં ભાજપ પ્રદેશ લીગલ સેલ સામે ખુલાસો માંગતા જણાવ્યું છે કે સંસ્થામાં જો ૧૫ વર્ષથી તેમણે સત્તા હસ્તગત કરી છે. હાલમાં છેલ્લા ૧૫ વર્ષથી ભાજપ પક્ષની સરકાર ગુજરાતમાં ચાલે છે તો સરકારમાંથી તમોએ વકીલોના વેલ્ફર ફંડમાં કેટલી રકમ લાવ્યા, વકીલો માટે કઈ નવી યોજનાઓ લાવ્યા, તેમજ સંસ્થા માટે પણ ભાજપની ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારમાંથી વકીલોના હિત માટે કેટલું ફંડ મંજુર કરીને લાવ્યા તેવો ખુલાસો કરવા પણ માંગ કરી છે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં પણ તમારી સત્તા દરમ્યાન વહીવટી બાબતે ૧૫ વર્ષથી સેક્રેટરીની જગ્યા કેમ ખાલી છે, ઓફીસ કોમ્પ્યુટરાઈઝ કરીને તમામ ડેટા વકીલોને મળી રહે તેનો કેમ અમલ થતો નથી, આર.ટી.આઈ. નીચે વકીલોને કેમ માહિતી મળતી નથી, મૃત્યુ સહાયની વકીલોના પરિવારની અરજીઓ શા માટે ફંડ નથી તેમ કહી રોકી રાખવામાં આવે છે ? ફંડ ન હોય તો નવા કર્મચારીઓની ભરતી શા માટે, ચુંટાયેલા સભ્યો વિરૂદ્ધ લેખિતમાં ફરિયાદ અને આક્ષેપો થયેલ છે તેમ છતાં પગલા કેમ લેવામાં આવતા નથી ઈ-લાઈબ્રેરીનો કોન્ટ્રાક્ટ અને સર્વિસનો હિસાબ વકીલોને શા માટે બતાવવામાં આવતો નથી, રાજકીય રીતે એક વ્યક્તિને ખુશ કરવા સમારંભોના ખર્ચ શા માટે સંસ્થામાં ઉધારવામાં આવે છે.

● અનુસંધાન પાના - ૭ પર




ગાંધીનગર સમાચાર
અનોખા અખબારની અનોખી ભેટ




વિશેષ ઓફર

વાર્ષિક લવાજમ યોજના
માત્ર રૂા. ૬૦૦ ભરો અને આખું વર્ષ નિયમીત ગાંધીનગર સમાચાર મેળવો

વાર્ષિક લવાજમ ભરો અને ગાંધીનગરની ટોપ ૧૨૫ બ્રાન્ડસની ૫૦૦ જેટલી ગિફ્ટ ડિસ્કાઉન્ટ કૂપન મેળવો

ગાંધીનગર સમાચારનું વાર્ષિક લવાજમ આજે જ ભરો અને આપની કોપી બૂક કરાવો.

ગાંધીનગર સમાચાર
પાટનગરનું પોતાનું અખબાર
684/1, સેક્ટર-8, ગાંધીનગર-382008
ફોન : (079) 23222571, 23237571. ફેક્સ : (079) 23230571